RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 101 * Date: 31.01.2025,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# બજેટ ૨૦૨૫: પેટ્રોલના ભાવમાં ઘટાડો



દેશના નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરી શનિવારે કેન્દ્રીય બજેટ ૨૦૨૫ રજૂ કરવાના છે. જેમાં વિવિધ ઉદ્યોગ સંગઠનો દ્વારા મધ્યમવર્ગને અનુલક્ષી ઈન્કમ ટેક્સમાં સુધારો, એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો તેમજ સરકારી લાભોમાં વધારો કરે તેવી ભલામણો કરવામાં આવી છે. જો કે, બીજી તરફ સામાન્ય પ્રજા બજેટમાં કોઈ ખાસ ફેરફાર ન થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આવો જાણીએ નિર્મલા સીતારમણ બજેટમાં કેવા સુધારા કરી શકે છે? કેન્દ્ર સરકાર નવી ટેક્સ રિજિમને પ્રોત્સાહન આપવા અનેક સુધારાઓ કરી શકે છે. હાલ ઘણા કરદાતાઓ જૂની ટેક્સ રિજિમને પ્રાધાન્ય આપી રહ્યા છે. જેને ધ્યાનમાં રાખતાં સરકાર નવી ટેક્સ રિજિમ હેઠળ ઘણા લાભો સમાવિષ્ટ કરી શકે છે. તદ્દુપરાંત નવો ૨૫ ટકાનો બ્રેકેટ રજૂ કરી શકે છે. હાલ ૩થી ૭ લાખની આવક પર ૫ ટકા, ૭થી ૧૦ લાખની આવક પર ૧૦ ટકા, ૧૦થી ૧૨ લાખની આવક પર ૧૫ ટકા, ૧૨થી ૧૫ લાખની આવક પર ૨૦ ટકા અને ૧૫ લાખથી વધુની આવક પર ૩૦ ટકા ટેક્સ વસૂલે છે. જેમાં તે ૧૫થી ૨૦ લાખની આવક પર ૨૫ ટકાનો નવો ટેક્સ સ્લેબ લાગુ કરી શકે છે.

ચાલુ નાણાકીય વર્ષમાં મોંઘવારીએ સામાન્ય લોકોને હેરાન કર્યા છે. તેમાં ક્રૂડના ભાવો વૈશ્વિક સ્તરે ઘટ્યા હોવા છતાં, રૂપિયો નબળો પડતાં ઓએમસીએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં ઘટાડાનો લાભ આપ્યો નથી. જેને ધ્યાનમાં રાખી સરકાર ફોસિલ ફ્યુલમાં લાગતી એક્સાઈઝ ડ્યૂટી ઘટાડી શકે છે. હાલ પેટ્રોલ પર ૨૧ ટકા અને ડિઝલ પર ૧૮ ટકાના દરે ડ્યૂટી વસૂલાય છે. ગત બજેટમાં સરકારે સોના પર આયાત ડ્યૂટી ૧૫ ટકાથી ઘટાડી ૬ ટકા કરી હતી. જેના પગલે સોનાની આયાત ૨૦૨૪માં ૧૦૪ ટકા વધી ૧૦.૦૬ અબજ ડોલર થતાં આ વર્ષે બજેટમાં સરકાર સોનાની આયાત ડ્યૂટીમાં ફરી વધારો કરી શકે છે.આ બજેટમાં સીતારમણ સરકારી સહાય યોજનાઓમાં વધારો કરી શકે છે. જેમાં સંસદની સ્થાયી સમિતિએ કિસાન સન્માન નિધિ વધારી ૨. ૧૨ હજાર કરવા ભલામણ કરી હતી. હાલ રૂ. ૬૦૦૦ છે. વધુમાં આયુષ્માન ભારત યોજનામાં વધુ સુવિધાઓ આપતા બજેટ ફાળવણી વધારવામાં આવી શકે છે. વર્ષ ૨૦૧૫માં શરૂ થયેલી અટલ પેન્શન યોજનામાં ઘણા સમયથી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કેન્દ્ર સરકાર તેમાં પણ સુધારો-વધારો કરી શકે છે.

## સ્વાતિ માલિવાલે દિલ્હીમાંથી કચરો ભેગો કરી કેજરીવાલના ઘર બહાર ઠાલવ્યો, પોલીસે કરી અટકાયત

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલ બુધવારે (૩૦મી જાન્યુઆરી) વિકાસપુરીથી ૩ વાહનોમાં કચરો ભરીને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાનની બહાર ઠાલવ્યો હતો. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, 'દિલ્હી સરકાર રાજધાનીમાં



સ્વચ્છતા પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે, તેથી હવે તે અરવિંદ કેજરીવાલના ઘરની બહાર કચરો ઠાલવ્યો.' જોકે, પોલીસે સ્વાતિ માલીવાલને અટકાયત કરી હતી.સ્વાતિ માલીવાલે જણાવ્યું હતું કે, 'આખું શહેર કચરાના ઢગલા જેવું બની ગયું છે, હું અહીં અરવિંદ કેજરીવાલ સાથે વાત કરવા આવી છું. હું તેમને કહીશ કે પોતાને સુધારે, નહીં તો જનતા તેમને સુધારશે. મને તેમના ગુંડાઓથી કે તેમની પોલીસથી ડર નથી.'આપના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરી લખ્યું કે, 'હું કચરાથી ભરેલા ૩ ટ્રક સાથે કેજરીવાલના ઘરે પહોંચીશ.

## ગાંધીનગરમાં ડમ્પરે એક્ટિવા સવાર માતા-પુત્રીને અડફેટે લીધા

ગાંધીનગરના ગ-૫ સર્કલ પાસે આજે સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક મહિલાનું કરુણ મોત નિપજ્યું હતું અને તેમની સાથેની બાળકીની હાલત ગંભીર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંદખેડાથી ગાંધીનગર કામ અર્થે આવી રહેલી મહિલા તેમની દીકરી સાથે એક્ટિવા પર સવાર હતી, ત્યારે ગ-૫ સર્કલ નજીક એક ડમ્પરે તેમના વાહનને જોરદાર ટક્કર મારી હતી.અકસ્માત બાદ ડમ્પરનો ચાલક વાહન મૂકીને ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સ્થાનિક પોલીસે ત્વરિત



કાર્યવાહી કરીને તેને થોડા જ અંતરેથી ઝડપી પાડ્યો હતો. દુર્ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મહિલાની સાથે રહેલી તેમની બાળકીને પણ ગંભીર ઈજાઓ થતાં તેને સઘન સારવાર હેઠળ રાખવામાં આવી છે.

## ડિજિટલ હાજરી સિસ્ટમનો વિરોધ : ગુજરાત સરકારી કર્મચારીઓએ ગોપનીયતાના મુદ્દે મુખ્યમંત્રીને કરી રજૂઆત

ગુજરાત સરકાર દ્વારા ૧લી ફેબ્રુઆરીથી અમલમાં મૂકવામાં આવનારી ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમનો રાજ્યના સરકારી કર્મચારીઓએ સખત વિરોધ નોંધાવ્યો છે. ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે મુખ્યમંત્રીને પત્ર લખીને આ નવી વ્યવસ્થા સામે વાંધો ઉઠાવ્યો છે.સચિવાલય ફેડરેશનના પ્રતિનિધિ કીર્તિ પટેલના જણાવ્યા મુજબ, આ નીતિ અંગે મુખ્ય હિતધારકો એવા કર્મચારીઓ કે કર્મચારી મંડળો સાથે કોઈ સંવાદ સાધવામાં આવ્યો નથી. નવી સિસ્ટમ કર્મચારીઓની ગોપનીયતાના અધિકારનું ઉલ્લંઘન કરે છે, કારણ કે તે કર્મચારીઓના અંગત ડિવાઈસના લોકેશન અને કેમેરા એક્સેસની માંગણી કરે છે.મહામંડળે એવો પણ મુદ્દો ઉઠાવ્યો છે કે કર્મચારીઓના અંગત સ્માર્ટફોનનો ઉપયોગ તેમની સંમતિ વિના ફરજિયાત કરવામાં આવી રહ્યો છે. વધુમાં, થર્ડ પાર્ટી એપ્લિકેશન દ્વારા એકત્રિત થનારા ડેટાની સુરક્ષા અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને મહિલા કર્મચારીઓના ડેટાના દુરુપયોગની શક્યતા પણ નકારી શકાતી નથી.કર્મચારી મંડળનું માનવું છે કે હાલની વ્યવસ્થા સુચારુ રીતે કાર્યરત છે અને નિયંત્રણ અધિકારીઓ દ્વારા પૂરતી દેખરેખ રાખવામાં આવે



છે. આ નવી સિસ્ટમ બિનજરૂરી, બિનતાર્કિક અને જાહેર નાણાંનો વ્યય કરનારી છે. કર્મચારીઓ રાજ્યના વિકાસમાં કર્મયોગી તરીકે કાર્યરત છે અને આવા એકતરફી નિર્ણયો તેમના મનોબળને નુકસાન પહોંચાડનારા છે.

આ સિસ્ટમમાં માન્ય ત્રિજયાના વિસ્તાર બાબતે કોઈપણ સૂચનાઓ સ્પષ્ટતા રીતે દર્શાવવામાં આવેલ ન હોઇ.આ મુદ્દે અમલીકરણ સંબંધે અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે.જુદી-જુદી કચેરીઓમાં સરકારી કામકાજ અર્થે વારંવાર જવાનું હોય ત્યારે આ પ્રકારની સિસ્ટમ કામગીરીમાં અવરોધક બની રહે છે. ફિલ્ડમાં કામ કરનાર કર્મચારીઓને આવી સિસ્ટમને કારણે તકલિફ પડવાની સંભાવના રહેલ છે.ત્યારે આ પ્રકારની એકતરફી અને અસ્પષ્ટ નીતિના કારણે સમાજમાં કર્મચારીની છબીને ધૂમિલ કરનાર બની રહેશે. આથી ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ આ સિસ્ટમનો સંપૂર્ણ વિરોધ દર્શાવે છે

## અમદાવાદમાં ભાજપ-કોંગ્રેસ વચ્ચે સાંઠ-ગાંઠ, બાપુનગરમાં દબાણો દૂર કરવાની કામગીરી અટકાવી

અમદાવાદના ખોડીયારનગર ચારરસ્તાથી બાપુનગર ચાર રસ્તા સુધીના રસ્તા ઉપર બુલેટટ્રેન પ્રોજેકટ માટેના એપ્રોચ રોડ ઉપરથી ગેરકાયદેસર બાંધકામ મ્યુનિ.ટીમ તરફથી દૂર કરાતા હતા. આ સમયે દબાણ દૂર કરવાની કામગીરી રોકવા અંગે જાહેરમાં એકબીજાનો વિરોધ કરતા એવા કોંગ્રેસ અને ભાજપના નેતાઓ વચ્ચે ઈલુ-ઈલુ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ગેરકાયદેસર દબાણ દૂર કરી રહેલી મ્યુનિ.ટીમને કામગીરી રોકવા ભાજપના સ્થાનિક ધારાસભ્યે પણ ટેલિફોનીક સુચના આપતા કામગીરી સાંજના સમયે બંધ કરી દેવામાં આવી હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળે છે.

શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલી રશીન બેકરીથી ખોડીયારનગર તરફના રસ્તા ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમ દ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવી રહ્યા હતા. આ સમયે અચાનક ત્યાં કોંગ્રેસના સિનીયર નેતા શકિતસિંહ ગોહીલ અને સ્થાનિક પૂર્વ ધારાસભ્ય હીમતસિંહ પટેલ પહોંચી ગયા હતા.

## માણસા નગરપાલિકાની ચૂંટણીમાં દાવેદારોનો ધસારો:૨૮ બેઠકો માટે ભાજપ-કોંગ્રેસના ૨૩૦ દાવેદાર મેદાને, ૩ દિવસમાં ૫૯ ફોર્મ ઉપડ્યા

માણસા નગરપાલિકાની આઠ વર્ષ બાદ યોજાનારી ચૂંટણીમાં રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો માટે ભાજપમાંથી ૧૪૦ અને કોંગ્રેસમાંથી ૯૦ દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી છે. કોંગ્રેસે મોટાભાગના ઉમેદવારોને ટેલિફોનિક સૂચના આપી દીધી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે ભાજપના દાવેદારો મોવડી મંડળની મંજૂરીની રાહ જોઈ રહ્યા છે.

સત્તાધારી ભાજપ પક્ષે આ વખતે પણ ઉમેદવારોની પસંદગી પક્ષના ધારાધોરણ અને નિયમો



મુજબ કરવાનું નક્કી કર્યું છે, જેમાં 'નો રિપીટ થિયરી'નો અમલ થઈ શકે છે. બીજી તરફ, કોંગ્રેસે પણ તેમના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા લગભગ પૂર્ણ કરી લીધી છે.

છેલ્લા ત્રણ દિવસમાં ચૂંટણી લડવા માટે ૫૯ ઉમેદવારોએ ફોર્મ મેળવ્યા છે. ૧લી ફેબ્રુઆરી ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે. ત્યારબાદ ફોર્મ ચકાસણી થશે અને ૨૮ બેઠકો માટે અંતિમ ઉમેદવારોની સ્થિતિ સ્પષ્ટ થશે. સાત વોર્ડની આ ચૂંટણીમાં બંને પક્ષો જીત મેળવવા માટે મજબૂત ઉમેદવારોને તક આપવાની રણનીતિ અપનાવી રહ્યા છે.

## તંત્રી લેખ....

# પ્રજાને બજેટમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા નહીં, મોંઘવારીમાં ગુજરાન ચલાવવો સૌથી મોટો પડકાર

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીના રોજ બજેટ રજૂ કરશે. બજેટ પૂર્વે યોજાયેલા સર્વેમાં પ્રજાને સરકાર પાસેથી કોઈ ખાસ અપેક્ષા ન હોવાનું જાણવા મળ્યું છે. બજેટ ૨૦૨૫-૨૬માં કોઈ ખાસ સુધારા ન થવાનો અંદાજ પણ વ્યક્ત થયો છે. સી-વોટરના સર્વેમાં મોટાભાગના લોકોએ જણાવ્યું કે, મોંઘવારીના કારણે ગુજરાન ચલાવવુ મુશ્કેલ બન્યું છે. અને વર્તમાન સરકાર પાસે આ સ્થિતિમાં કોઈ ખાસ સુધારાની અપેક્ષા પણ નથી.સી-વોટરે પ્રિ-બજેટ સર્વેમાં દેશભરના જુદા-જુદા ભાગમાંથી ૫૨૬૯ લોકો સાથે વાતચીત કરી હતી. જેમાં ૨/૩ લોકોએ જણાવ્યું કે, મોંઘવારી પર કોઈ ધ્યાન આપી રહ્યા નથી. વડાપ્રધાન મોદીના રાજમાં મોંઘવારી સતત વધી રહી છે. જ્યારે ૫૦ ટકા લોકોએ કહ્યું કે, વધતી મોંઘવારીના કારણે જીવન ધોરણ પર પ્રતિકૂળ અસર થઈ છે. તેના લીધે ઉચ્ચ કક્ષાનું જીવન ધોરણ જીવવુ મુશ્કેલ બન્યું છે આ સર્વેમાં ૫૦ ટકા લોકોએ પરિસ્થિતિમાં કોઈ ખાસ બદલાવ ન થવાનો અંદાજ આપ્યો છે. તેમના મતે, આવક જેટલી છે તેટલી જ રહેશે, તેમાં કોઈ ફેરફાર થશે નહીં. પરંતુ ગત વર્ષે ખર્ચ સતત વધ્યો છે. વધતો ખર્ચ સામાન્ય લોકો માટે મેનેજ કરવો મુશ્કેલ બન્યો છે. ૩૭ ટકા લોકોએ આ વર્ષે પણ આ સ્થિતિમાં કોઈ ખાસ ફેરફારની અપેક્ષા ન હોવાનું જણાવ્યું છે. તદુપરાંત આગામી વર્ષ આવક અને ખર્ચના ધોરણે વધુ ખરાબ હોવાની ભીતિ પણ વ્યક્ત કરી છે.ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે.

### રાજભાષા હિંદીના પ્રભાવશાળી પ્રચાર પ્રસાર માટે

# બેન્ક ઓફ ઇન્ડિયા, વડોદરા ઝોનલ ઓફિસ ને મળ્યો અંતર બેંક રાજભાષા શીલ્ડ



વડોદરા શહેર સ્થિત તમામ સરકારી બેંકો અને કેન્દ્ર સરકારના કાર્યાલયો માં રાજભાષા હિંદી અને સ્થાનિય ગુજરાતી ભાષાના બહોળા પ્રચાર, પ્રસાર અને રોજીંદા સરકારી કામોમાં તેના ઉપયોગ વધારવાના આશયથી ભારત સરકાર ના ગૃહ મંત્રાલય ના સીધા માર્ગદર્શન હેઠળ રચવામાં આવેલ નગર રાજભાષા અમલીકરણ સમિતિ ના તા. ૨૭.૦૧.૨૦૨૫ નાં રોજ ડૉ. સંજીવ કુમાર દુબે ના અધ્યક્ષ સ્થાને વાર્ષિક રાજભાષા સમારોહ યોજાયો હતો. આ વાર્ષિક રાજભાષા સમારોહ માં વર્ષ ૨૦૨૩-૨૪ માં રાજભાષા હિંદી અને સ્થાનિય ગુજરાતી ભાષાના બહોળા પ્રચાર, પ્રસાર અને રોજીંદા સરકારી કામોમાં તેના ઉપયોગ સંબંધે ઉત્કૃષ્ટ કાર્ય પ્રદર્શન કરવા બદલ બેંક ઓફ ઈન્ડિયા, વડોદરા ઝોનલ ઓફિસ ના ઝોનલ મેનેજર શ્રી હનવંત કુમાર ઠાકુર ને સમારંભ ની અધ્યક્ષતા કરી રહેલા ડૉ. સંજીવ કુમાર દુબે ના વરદહસ્તે અંતર બેંક રાજભાષા શીલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જ્યારે બેંક ઓફ ઈન્ડિયા ની વડોદરા ઝોનલ ઓફિસ ના મેનેજર (રાજભાષા) શ્રી કિશોર સોનાર ને પણ પ્રશસ્તિ પત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિભિન્ન બેંકો દ્વારા આયોજિત સ્પર્ધાઓ માં વિજેતા બનેલ બેંક ઑફ ઈન્ડિયા ના સ્ટાફ ને પણ ઈનામ આપીને સન્માનિત કરાયા હતા.નગર રાજભાષા અમલીકરણ સમિતિના આ વાર્ષિક રાજભાષા સમારોહ માં વડોદરા શહેર ની તમામ સરકારી બેંકો ના ઉચ્ચ અધિકારીઓ એ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# અમદાવાદમાં ૧૦ વ્યંઢળોએ એક ઘરમાં મચાવ્યો આતંક, મિલકત પચાવવા મકાન-કારમાં તોડફોડ કરી

અમદાવાદ શહેરના જુના વાડજમાં આવેલી ચાંપાનેર સોસાયટીમાં બુધવારે બપોરના સમયે ૧૦થી વધુ વ્યંડળોએ આતંક મચાવ્યો. હથોડી અને લાકડી જેવા હથિયાર સાથે મકાનના કંપાઉન્ડમાં આવીને કાર તેમજ મકાનમાં તોડફોડ કરીને હોબાળો મચાવ્યો હતો. જેના કારણે ભયનો માહોલ ઉભો થયો હતો. ફરિયાદી યુવતીએ આક્ષેપ કર્યો છે કે 'હુમલો કરનાર વ્યંડળો તેમની મિલકત પચાવીને તેમાં ચેલાઓને રહેવા માટે અનેકવાર દબાણ કરતા હતા. જો કે મકાન ખાલી ન કરતા તેમણે આ હુમલો કર્યો હતો'. આ સમગ્ર મામલે વાડજ પોલીસે સીસીટીવી ફુટેજના આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.શહેરના જુના વાડજમાં આવેલી ચાંપાનેર સોસાયટીમાં રહેતી શીવાની વ્યાસ નામની યુવતીએ વાડજ પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે બુધવારે બપોરના સમયે તે તેમની માતા અને અન્ય બે વ્યંડળો સાથે ઘરે હાજર હતી ત્યારે તેમના બંગલામાં કામીની દે, જીયા દે, કરીના દે, સોનમ દે સહિત કુલ ૧૧ જેટલા વ્યંડળો હથોડી અને પાઈપ સાથે ઘુસી આવ્યા હતા. તેમણે શીવાની અન્ય તેના પરિવારના સભ્યો પર હુમલાનો પ્રયાસ કર્યો હતો. જો કે જીવ બચાવવા માટે તમામ લોકો નાસીને રૂમમાં છુપાઈ ગયા હતા.

તમામ વ્યંઢળોએ તેમના ઘરમાં ઘુસીને ડાઈનીગ ટેબલ, બારીના કાચ, ઈલેક્ટ્રીક આઈટમ તેમજ બહાર પાર્ક કરેલી કારમાં પણ તોડફોડ કરી હતી.

### ગુજરાતની ગૌરવ સિદ્ધિમાં વધુ એક મોરપીંછ:

# નવી દિલ્હી માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઇસ' કેટેગરીમાં જનતા જનાર્દનના સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર પ્રસ્તુત કરવામાં આવેલા ગુજરાતના ટેબ્લો "આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ"ને પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં સૌથી વધુ મત પ્રાપ્ત થયા છે.

ગુજરાતના ટેબ્લોએ પ્રજાસત્તાક દિન પરેડમાં પોપ્યુલર ચોઈસનું પ્રથમ સ્થાન સતત ત્રીજા વર્ષે પ્રાપ્ત કરીને હેટ્રિક સર્જી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિધ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ "વિરાસત ભી, વિકાસ ભી"નો જે મંત્ર આપ્યો છે તેને ગુજરાત જનભાગીદારી થી સાકાર કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના ૩૧ ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી સાથે પ્રસ્તુત થઈ હતી.

આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લૉઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઈન આપીને "પોપ્યુલર ચોઈસ"ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે તેવો નવતર અને પારદર્શી અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના માહિતી વિભાગે આ પરેડમાં પ્રસ્તુત કરેલા ટેબ્લો 'આર્નતપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસના અદભૂત સંગમ'ને સૌથી વધુ વોટ જનતા જનાર્દને આપ્યા છે. આ વિશાળ સંખ્યાના વોટિંગથી ગુજરાતના ટેબ્લો પોપ્યુલર ચોઈસમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે રહ્યો છે.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે.

આ પરેડમાં રાજ્ય સરકારે "ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત"ના ટેબ્લોમાં વડાપ્રધાનશ્રીએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

ગત વર્ષ-૨૦૨૪ના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજુ કરેલા ટેબ્લો "ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજેંન્દ્રઉં"ની પ્રસ્તુતિને પણ 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો.

એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની-જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો.

આ જ પરંપરામાં વધુ એક સિધ્ધિ મેળવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યુ છે.

૭૬માં પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત થયેલા આ ટેબ્લોમાં - સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ" શીર્ષક અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઈ હતી તેણે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકાર કર્યું હતું.

ગુજરાતની ઝાંખીના ૧૨મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના 'કીર્તિ તોરણ'થી લઈને ૨૧મી સદીની અજાયબી સ્વરૂપ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઈલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની 'આત્મનિર્ભરતા'ના વિવિધ વિકાસના પ્રકલ્પો સી-૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદન યુનીટ, સેમી કન્ડક્ટર ચીપ અને તેના આનુષંગીક ઉપકરણો તથા અટલ બ્રિજ વગેરનું બખૂબી નિદર્શન કરવામાં આવ્યું હતું.

રાજયની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળમાં વડનગર સ્થિત ૧૨મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું 'કિર્તી તોરણ' તો છેડે ૨૧મી સદીની શાન સમી ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને દર્શાવવામાં આવી હતી. ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યનો જોમવંતો 'મણિયારો' રાસ જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો હતો. ગુજરાતની પારંપારીક લોક સંસ્કૃતિના મેરૂ સમાન આ મણિયારા રાસને વિવિધ રાજ્યોના ટેબ્લોના કલાકારો દ્વારા યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં પણ ત્રીજું સ્થાન મળ્યું છે.આ સમગ્ર પ્રસ્તુતિ અને ઝાંખીએ પરેડમાં સૌના મન મોહી લીધા હતા અને આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.



પ્રજાસત્તાક પર્વ- 2025
આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ

# ગાંધીનગર ખાતે બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો શુભારંભ



ગાંધીનગર ખાતે આયોજિત બે દિવસીય "નેશનલ કોન્ફરન્સ ઓન ગુડ ગવર્નન્સ"નો આજે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘ તેમજ ગુજરાત સરકારના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ શુભારંભ કરાવ્યો હતો. આ શુભારંભ સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ ઈ-જર્નલ' તેમજ 'સ્ટેટ કોલાબોરેટીવ ઈનીશીયેટીવ પોર્ટલ" લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલયના કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે આ પરિષદની સુવ્યવસ્થિત યજમાની કરવા બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ગુજરાતને સુશાસનનું વિશ્વાસપાત્ર મોડલ રાજ્ય ગણાવતા કહ્યું હતું કે, સુશાસન અને સુશાસનીક વ્યવસ્થા અંગે ગોષ્ઠી કે પરિષદનું આયોજન કરવા માટે ગુજરાતથી શ્રેષ્ઠ દેશમાં અન્ય કોઈ વિકલ્પ ન હોઈ શકે. ૯૦ના દાયકામાં કોઈપણ રાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવું હોય તો, ગુજરાતમાઁસ્-અમદાવાદ ઉપરાંત કોઈ વિકલ્પ ન હતો. આજે એ જ ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક પરિષદોનું સુદ્રઢ આયોજન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શક્ય બન્યું છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન તરીકે પદભાર સંભાળ્યા બાદ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સની આ રાષ્ટ્રીય પરિષદનું અલગ-અલગ રાજયમાં આયોજન કરવાની પ્રેરણા આપી હતી. જેની ફલશ્રુતિરૂપે દેશના અનેક રાજયોમાં આ પરિષદનું આયોજન થઇ ચૂક્યું છે. પરંતુ ગુજરાત એક માત્ર એવું રાજ્ય છે, જ્યાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાની અનેકવિધ પરિષદોનું સતત આયોજન થઇ રહ્યું છે. ગુજરાત માત્ર માળખાકીય સુવિધાઓ જ નહિ, પરંતુ ઈ-ગવર્નન્સ ક્ષેત્રે પણ અન્યો માટે દીવાદાંડી સમાન છે. ઓનલાઈન સેવાઓ, પોર્ટલ, ડેશબોર્ડ જેવી અનેક સુવિધાઓ વિકસાવવામાં પણ ગુજરાત દેશમાં અગ્રેસર છે.

વડાપ્રધાનશ્રીના 'મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સ'ના મૂળમંત્રને ચરિતાર્થ કરવા માટે ભારત સરકાર નાગરિકોને કેન્દ્રમાં રાખીને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગથી સંપૂર્ણ પારદર્શિતા સાથે કામ કરી રહી છે. સાથે જ, ભારત સરકારની ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરેન્સ નીતિ અને સમયબદ્ધ આયોજન થકી નાગરિકોને મીનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સની અનુભૂતિ થઇ રહી છે, તેમ કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. આ સંદર્ભે મંત્રીશ્રીએ કેટલાક ઉદાહરણો પણ પ્રસ્તૂત કર્યા હતા.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંઘે ભારત સરકારની સીપી ગ્રામ, ઓનલાઈન ઈૅ પોર્ટલ, રોજગાર મેળા, ફેસ રીકોગ્નીઝ્ન ટેકનોલોજી, મિશન કર્મયોગ અને ચિંતન શિબિર જેવી વિશેષ પહેલ અંગે સવિસ્તૃત ભૂમિકા આપી હતી. સાથે જ, તેમણે નાગરિકોના હિતમાં ગુડ ગવર્નન્સને પ્રોત્સાહન આપવા ચિંતન-મનન કરવા વિવિધ રાજ્યોથી પધારેલા ડેલીગેટ્સને આહ્વાન કર્યું હતું.

ગુજરાતના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સુશાસન એ વિકસિત સમાજનો મુખ્ય પાયો છે. ગુજરાત સરકાર નાગરિકો માટે ગવર્નન્સ રિફોર્મ, પારદર્શિતા, કાર્યક્ષમતા અને સશક્તિકરણ કરવા માટે કટિબદ્ધ છે. જેના પરિણામે ગુજરાત ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ રેન્કિંગમાં અગ્રણી સ્થાને છે. વિકસિત ભારતના મિશનમાં ગુજરાત મોડલ એક પ્રોએક્ટિવ, રિસ્પોન્સિવ અને એકાઉન્ટેબલ ગવર્નન્સ તરીકે પ્રસ્થાપિત થયું છે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા માને છે કે, ગુડ ગવર્નન્સ એ માત્ર એક પોલિસી નથી, પરંતુ નાગરિકો માટે ઉપયોગી, જવાબદાર અને વહીવટી પારદર્શિતા સાથેની એક પરંપરા છે. નાગરિકોને સરકારી સેવાઓ કાર્યક્ષમ, પારદર્શિતા અને સરળતાથી મળી રહે તે જ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં ગુડ ગવર્નન્સ માટે અનેક રિફોર્મ્સ લાવ્યા હતા. આજે એ જ વિઝનને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર વિવિધ સરકારી સેવાઓની પ્રક્રિયાનું રિયલ ટાઇમ મોનીટરીગ કરીને નાગરિકોને ઝડપી, સરળતા અને પારર્દિર્શિતા સાથે પહોંચાડી રહી છે.

વધુમાં મંત્રી શ્રી દેસાઈએ જણાવ્યું હતું કે, આજે ડેટા બેઝ, ડેટા મેનેજમેન્ટ, છૈં સંચાલિત અને નાગરિક ઉપયોગી સેવાઓ માટે ગુજરાત સરકાર તૈયાર છે. ડિજિટલ ગવર્નન્સ દ્વારા નાગરિકોને રિયલ ટાઇમ સર્વિસ ડિલિવરી મળી રહે તે માટે સરકાર સતત કામ કરી છે. આવા દરેક રિફોર્મ્સ થકી રાજ્યનાં નાગરિકો કોઈ પણ સમયે અને સ્થળેથી ઝડપી પેપરલેસ સેવાઓનો લાભ લઈ શકશે. રાજ્યમાં ઇ-ગવર્નન્સ અને ગુડ ગવર્નન્સના ભાગરૂપે ઇ-સરકાર, કર્મયોગી એપ્લિકેશન, ડિજિટલ ગુજરાત, આઈએમએફએસ, આઇ-ખેડૂત, વિશ્વાસ, સ્વાગત જેવા ઘણા ઓનલાઈન પોર્ટલ કાર્યરત છે.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટિવ રિર્ફોમ્સ એન્ડ પબ્લિક ગ્રિવન્સિસ-ઢછઈઁના સચિવ શ્રી વી.શ્રીનિવાસે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારો વર્તમાનમાં જન હિતમાં ગુડ ગવર્નન્સમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ-છૈં અને ટેકનોલોજીના ઉપયોગને વધુને વધુ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુડ ગવર્નન્સ ક્ષેત્રે બેસ્ટ પ્રેક્ટિસિસમાં સૌથી વધુ 'ૅસ એવોર્ડ' મેળવ્યા છે. જેમાં વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સ્વચ્છ ભારત અભિયાન, સમગ્ર શિક્ષા અભિયાન વગેરેનો સમાવેશ થાય છે. તેમણે વર્ષ ૨૦૦૩માં શરુ થયેલા 'સ્વાગત' ઓનલાઇન પ્લેટફોર્મને સુશાસનનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

આ બે દિવસીય કોન્ફરન્સમાં અલગ અલગ ૬ પ્લેનરી સેશન યોજાશે. જેમાં ગુડ ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાત સરકારની વિવિધ વિભાગોની 'બેસ્ટ પ્રેક્ટિસિસ' પણ રજૂ કરવામાં આવશે. આ કોન્ફરન્સમાં ભારતભરના ૨૮ રાજ્યોના ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ સહભાગી થયા છે, જેથી અન્ય રાજ્યોમાં અમલી સુશાસન વ્યવસ્થા અંગે પણ વિચાર-વિમર્શ કરવામાં આવશે, તેમ જણાવી સચિવશ્રીએ કોન્ફરન્સના સુંદર અને સફળ આયોજન બદલ ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી કમલ દયાણીએ જણાવ્યું હતું કે, ગુડ ગવર્નન્સ માટે ઈ-ગવર્નન્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જ જરૂરી છે. ગુજરાતની દરેક સરકારી કચેરીઓ મેન્યુઅલ પ્રોસેસમાંથી ટેકનોલોજીની મદદથી ઈ-ગવર્નન્સનો ભાગ બની છે. આધુનિક ટેકનોલોજીના ઝડપી યુગમાં નાગરિકો પણ વધુ ઝડપી સુવિધાઓની આશા રાખી રહ્યા છે, ત્યારે રાજ્ય સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, બ્લોક ચેઈન જેવી વિવિધ ટેકનોલોજીની મદદથી વધુ સરળ અને ઝડપી સુવિધાઓ આપી રહી છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No.343**
વિષયઃ- શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો
શીર્ષકઃ- શ્રેષ્ઠ સનાતન હિન્દુધર્મ
પ્રકારઃ- પધ. શબ્દોઃ-૭૫

આવ્યો છે કુંભ મેળોનો અનોખો અવસર લહેરાઈ જગમાં હિન્દુત્વની ધજા,
પ્રયાગરાજથી લહેર ઉઠી સનાતન હિન્દુ ધર્મ બન્યો મોટી ગજા,
સમગ્ર વિશ્વ માંથી શ્રેષ્ઠ ભારતમાં આસ્થા શ્રદ્ધારૂપે ઉમટી સનાતની હિન્દુ પ્રજા ,
ગંગા યમુના સરસ્વતીનાં ત્રિવેણી સ્નાન અવસરથી માણે મનોમન મજા,
આસ્થા ધર્મ કાજ શ્રદ્ધાળુઓ ભૂલી સર્વ દુઃખને પીડારૂપે મળતી સજા ,
બીજા દેશોની પ્રજાએ સનાતન ધર્મને શિરમોરરૂપે સ્વીકારી ખોલ્યાં અનોખા રાજ.
" ચંદ્ર " નાં તેજની જેમ પ્રયાગરાજ કુંભમેળાથી શ્રેષ્ઠધર્મ બની ચમકતાં હિન્દુધર્મ પર સૌને છે નાજ.
" ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 347**
વિષયઃ- શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો
શીર્ષકઃ- પુણ્ય તીર્થસ્નાન
પ્રકારઃ- પદ્ય. શબ્દોઃ- ૫૨

જઈ કુંભમાં પુણ્ય મેળવવા માંગે,
સ્વાર્થ ગણવો કે ભક્તિ એની?
છોડો ચર્ચા વયર્થની સૌ કોઈ,
ને જુઓ માત્ર ભક્તિભાવ!
ક્યાં લખ્યું છે એવું કે જવું કુંભમાં,
માત્ર ધોવાને પાપ અને દોષો?
ડૂબકી એ આસ્થાની જ હોય,
ન હોય ક્યારેય પાપ કે પુણ્યની!
ભક્તોની ભક્તિ જ તો છે અહીં,
સાબિતી જે ભારતની સંસ્કૃતિની!

સ્નેહલ જાની, સુરત.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષયઃ– શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ (પ્રયાગરાજ)
પ્રકારઃ–પદ્ય
શીર્ષકઃ– "પ્રયાગ પાંગરિયો " શબ્દોઃ–૬૧

ઉમટ્યો મનખો, મેળો કુંભનો કરવાં ,
ડુબાડ્યો દેહને, શાહી સ્નાન કરવાં.

શ્રદ્ધાળુઓની આસ્થા વધારવા,
પ્રયાગ પૂર્ણ પાંગરિયો, તન–મન પાવન કરવાં.

દિગંબરો દેખ્યા ને મોહ મનખાના ભાંગ્યા,
અંગે ભાળી ભભૂત, જ્યાં વસ્ત્રો ફિક્કા લાગ્યાં.

અમૃત વરસ્યાં ને સૌ દોડવા લાગ્યાં,
ત્રિવેણી સંગમમાં, છોડી જીવતરની જંજાળ એ તો તરવા લાગ્યાં.

મોક્ષ અને મુક્તિના માર્ગ સૌનાં ખૂલ્યાં,
પાપો 'ધરતી'ના ધોવાયાં ને ભવસાગર પાર ઉતર્યા.

??? બીના આહીર 'ધરતી ' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 152**
વિષયઃ- શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો
શીર્ષકઃ- અલખ નામે..
પ્રકારઃ- પદ્ય. છંદોબદ્ધ ગઝલ શબ્દોઃ- ૧૦૪

અલખ નામે કરી ગેરુ ભીતર શણગારે બેઠો છું.
અગમના કોઈ ભેદી ગુંજતા ઈશારે બેઠો છું.

સફળ થૈ સાધના જાણે, યુગોથી ચાલતી મારી,
મહા આ કુંભમાં અંતિમ જીવન ઉતારે બેઠો છું.

સનાતન ધર્મ છે કેવળ ભરેલો જ્ઞાનથી જગમાં,
સકળ સૃષ્ટિ નમે એ ઈશને પગથારે બેઠો છું.

તજીને મોક્ષની ઈચ્છા, તજ્યા છે પાપને પુણ્યો,
લગાવી ડૂબકી ગંગા, અડગ આધારે બેઠો છું.

છૂટ્યા સંકલ્પ વિકલ્પો, મરી ગ્યાં કાફલા મનનાં,
ભીતર ચાલી રહી એ ધ્યાનની વણઝારે બેઠો છું.

રહું છું ભીડમાં તો પણ, હૃદય એકાંત ધબકે છે,
ગગનથી આવતા કોઈ પરમ અણસારે બેઠો છુ.

રહ્યું ના જ્ઞાન કોઈપણ, બધું ડહાપણ ગયું છૂટી,
સમજથી પાર નિર્વિકલ્પ મન ઓવારે બેઠો છું.

શદિલીપ ધોળકિયા "શ્યામ"..જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO-162**
વિષય- શ્રધ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ ( પ્રયાગરાજ)કુંભમેળો
શીષઁક-ભારતદેશની ધરોહર
પ્રકાર- ગધ, શબ્દો -૭૫

ગંગા ની ગોદમાં વસેલું પ્રયાગરાજ
આપણા દેશનું પવિત્ર અને ધાર્મિક સ્થળ છે
ભારતદેશની સંસ્કૃતિ દેશ વિદેશમાં પ્રસિદ્ધ છે
તે દેશ ની ધરોહર સમાન છે
ભારતમા ધાર્મિક તહેવારો ઉજવાઈ એટલા કોઈ દેશ માં નથી ઉજવતા
જે કુંભમેળા નુ આગવું સ્થાન ધરાવે છે જ્યાં મોટા મોટામોટા મહારથીઓ સંતો મહંતો તપસ્વીઓ અનેક સાધુ સંતો નાગા સાધુઓ થી કુંભ મેળાનો ધોધ છલકાય છે ( ૧૪૪ વર્ષ બાદ આવતો આ પવિત્ર કુંભ મેળા નું સ્નાન ખૂબ મહત્વ ધરાવે છે
ગંગા યમુના અને સરસ્વતી નદી ના ત્રિવેણી સંગમ નો અલૌકિક નજારો નદીઓ ના સ્નાન થી કેટલાય જન્મ ના પાપ ધોવાઈ છે
દેશ પરદેશ થી કેટકેટલા શ્રધ્ધાળુઓ નો પ્રવાહ અવિરત વહેતો રહ્યો છે લાખો લોકો શાહી સ્નાન કરી આત્મ સંતોષ પામશે
અને ભારત દેશ નુ નામ રોશન કરશેપ.

રેખા નાકરાણી .નવી મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 382**
વિષય : " શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો"
પ્રકાર- પદ્ય. શબ્દ- ૧૦૦

ધન્ય! મહાકુંભ શ્રધ્ધા તીર્થ પ.
?
છલકે અમૃત કુંભ,
દેવત્ત્વ કૃપા મંગલ
ગંગા યમુના સરસ્વતી, પાવન ત્રિવેણી સંગમ
વૃષભનો ગુરુ મકરનો સૂર્ય ચંદ્ર, ખગોળી વંદન

પંચમ સ્નાન ગંગાજી પૂજન
ત્રિવેણી સંગમ અનુપમ દર્શન
સાધુ સંત મહંત પીઠાધીશ નાગાબાવા શ્રદ્ધેય
ધન્ય! મહાકુંભ શ્રધ્ધા તીર્થ પ્રયાગરાજ જ શ્રેય

બાર વર્ષનું આ રાશિ ચક્ર
પધારે દેવગણ દે આશિષ
પ્રાથુ મા ગંગા, ત્રિવેણી સંગમ, ગોદાવરી ક્ષીપ્રા
પડી બુંદો હરિદ્વાર પ્રયાગરાજ , ઉજ્જૈન નાસિક અમૃતા

જ્ઞાન સંસ્કાર દિવ્ય અનુભૂતિ
ઉમટે મહેરામણ વિશ્વ તાપસી
આત્મ શુધ્ધિ, હો મોક્ષ પાપ વિદારક પૂણ્યી સ્નાન
પોષી પૂર્ણિમા આરંભે ને પૂર્ણતા મહા શિવરાત પાવન.
રમેશ પટેલ(આકાશદીપ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. :0101**
વિષયઃ શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ (પ્રયાગરાજ) કુંભમેળો
શીર્ષકઃ આસ્થાનું પર્વ મહાકુંભમેળો
પ્રકાર : ગદ્ય લેખ શબ્દો : ૩૪૮

મહાકુંભ એટલે પૃથ્વી પરનો સૌથી મોટો માનવ મેળો- મહામેળો. 'ચિદાનંદ રૂપં, શિવોહમ શિવોહમનાં નાદબ્રહ્મને' પોકારતાં તેજપુંજ સમા જગદગુરુ આદિ શંકરાચાર્યની પ્રસાદીસમ પ્રયાગરાજના મહાકુંભમાં સ્નાનનો મહિમા અપરંપાર છે. અહીં ડૂબકી માત્ર ગંગા સ્નાનની નથી થતી, એક મંગલ ક્ષણે પવિત્ર વાતાવરણમાં અંતઃકરણમાં ડૂબકી મારી સ્વમાં ડોકિયું કરવાનું છે. કુંભમેળો તો સનાતનનો પ્રાચીન વારસો છે. ભારતનું ગૌરવ છે.
પરમેશ્વરના પરમ તીર્થધામ પ્રયાગરાજમાં તો પ્રજાપતિ બ્રહ્માએ યજ્ઞ કર્યો હોવાનું માનવામાં આવે છે. જે મહાકુંભ માટે જ્યોતિર્મય આત્માઓ પણ સ્નાન કરવા આતુર હોય તો સામાન્ય શ્રદ્ધાળુઓ માટે તો તે અહોભાગ્યની વાત કહેવાય. સદેહે સ્વર્ગ પામ્યાનું મહાસુખ મળ્યું ગણાય.
ભારતના સનાતન ધર્મ અને સંસ્કૃતિના દર્શનનું ઊંડાણ કરાવવાની, તેનો પ્રભાવ અને અદ્વિતીયતા વિશ્વભરને બતાવવાની હોય તેની તક ઝડપવાની જગ્યાએ કમનસીબે ધાર્મિક પ્રદર્શનકારીઓના વીડિયો કલીપિંગ, એક્સ અને યુ ટયુબ પર એવી જ પોસ્ટ હોય છે જેમાં ભારત જાણે હજુ મદારી અને અંધશ્રદ્ધાનો દેશ જ હોય. સોશિયલ મીડિયા પર જે રીલ વિશ્વવ્યાપી વાયરલ બને છે તે તો બની બેઠેલા સાચા ખોટા સાધુઓ શ્રદ્ધાળુઓ પર ક્રોધ, અશ્લીલ ભાષાના ઉચ્ચાર કરતાં કે હુમલો કરતા કે ત્રિશૂળ મોઢામાં નાખતાં કે ખોપડીઓનો હાર પહેરીને ડોલતા હોય તેની જ ભરમાર જોઈ શકાય છે.
વિશ્વને ભારતના સનાતન ધર્મ અને સંસ્કૃતિના દર્શન થાય તે રીતે સોશિયલ મીડિયામાં પોસ્ટ હોવી જોઈએ. અઘોરી, નાગા બાવા કે અખાડાનું આગવું તત્વજ્ઞાન છે. શિવ અને વિષ્ણુનો પરિચય વિશ્વને કરાવવાનો અવસર કદાચ આપણે ચૂકતા હોઈએ તેમ લાગે છે.
આજે ગાંધીજીની મૃત્યુ તિથિએ એ યાદ અપાવવું પડે કે બીજાં વિશ્વયુદ્ધમાં જર્મની-જાપાનની જીત થઈ હોત અને બ્રિટીશોને તે કારણે જવું પડ્યું હોત તો સુભાષબાબુ થકી જર્મની-જાપાન ભારત સુધી આવી જાત અને ભગતસિંહ માઓ ને સ્ટાલીનના સામ્યવાદને ભારતમાં દાખલ કરત તો આ મહાકુંભ પણ ભરાત નહીં, એ ગાંધીજી સામે આ બે વીર સપૂતોને રાખી તેઓનું મહિમા મંડન કરનારાઓ વિચારતા નથી. ભલું થજો ગાંધીજીનું કે તેમની આઝાદીની હાકલ લોક હૃદય સુધી પહોંચે એવી સામાજિક એજન્ડાની સાથે 'સ્વરાજ'ની હતી. જેમાં 'અહિંસા અને સત્યગ્રહના' અસહકારની ચળવળના મોડેલથી ભારતની આઝાદીનો લોકશાહીવાદી મજબુત પાયો નાખનાર શિરમોર નેતા હતાં. તેથી આજે આ મહાકુંભ મેળાનો લેખ લખાય રહ્યો છે.
ગંગા યમુના અને ગુપ્ત સરસ્વતીના ત્રિવેણી સંગમે મહાકુંભમાં પાવન-પુનિત સ્નાન કરીએ.

★ભરત સાંગાણી★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO.356**
વિષયઃ શ્રધ્ધાળુઓ ની શ્રધ્ધાનો ધોધ - કુંભમેળો.
શીર્ષકઃ કુંભમેળા નું મહત્વ.
પ્રકારઃ અછાંદસ શબ્દ : ૮૮

મહત્વ અમૃત સ્નાનનુ, ત્રિવેણી સંગમ ધામનું,
સાધુ, સંતો, મહંતો તથા બાવાઓ ના માનનું.
વર્ષો જૂની પરંપરા ને પોષતા મહાન સ્થાન નું,
મોક્ષ માટે દોડે? સૌ, મહત્વ કુંભમેળા સ્નાન નું.

બાર વર્ષે તપસ્યા ફળે, પ્રયાગરાજ ઝળહળે,
માનવ મહેરામણ ઉમટે, આનંદ માણે પળે-પળે.
એકસો ચુમ્માલીસ વર્ષે, મહાકુંભ મૌની અમાસ,
કોટિનું કલ્યાણ થાય, શ્રઘ્ધાળુઓ ની શ્રદ્ધા ફળે.

શુધ્ધ મન, કર્મ, વાણી તથા કમાણી પુણ્ય તણી,
વહે આયખું જગ હીત કાજ પછી જ મોક્ષ મળે.
દાનવ જેવા માનવોને?, પાપ તો ભોગવવા જ પડે,
કરે સો-સો સ્નાન કુંભમાં, દંભી ને મોક્ષ ન મળે.

નામઃ સુમિતા હીરપરા 'સુરીલી' વડોદરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 351**
વિષયઃ શ્રદ્ધાળુઓની શ્રદ્ધાનો ધોધ પ્રયાગરાજ કુંભ મેળો
શીર્ષકઃ સંગમ તટે..
પ્રકારઃ ગીત શબ્દઃ ૧૦૨
હાજી રે... ગંગા, યમુના, સરસ્વતી વહે સંગમ તટે,
તીર્થ પ્રયાગરાજ છે ધર્મનો વૈકુંઠ વહે સંગમ તટે....

કુંભ મહોત્સવ ભક્તિરસ મહી રહે સંગમ તટે...
તીર્થ પ્રયાગરાજ છે ધર્મનો વૈકુંઠ સંગમ તટે...

સ્નાન, દાન,જપ,તપ વહે સંગમ તટે...
કલ્પવાસ અને અમૃત સ્નાન નો મહિમા વધે સંગમ તટે....

પવિત્ર ધરા પર વહે હૃદય કેરો દીવો સંગમ તટે..
તીર્થ પ્રયાગરાજ છે ધર્મનું વૈકુંઠ વહે સંગમ તટે...

કરે પવિત્ર ધરા કેરા મન વહે સંગમ તટે,
તીર્થ પ્રયાગરાજ છે ધર્મનો રાજ મુકુટ વહે સંગમ તટે.....

યજ્ઞ ચરણ પખાળી ભૂખંડે નમે સંગમ તટે...
સનાતનીયોનો વૈકુંઠ દીપે સંગમ તટે...

ઋષિમુનિઓ ભક્તિમાં તરબોળ રહે સંગમ તટે...
પ્રભુચરણ શરણમાં રહે દિનબંધુ સંગમ તટે...
જયશ્રી વાઘેલા (મુંબઈ)

# આ લે લે લે લે. બીડી પણ નકલી?

'કંઈ દમ નથી.' આટલું બોલી રાજુ રદી ગિન્નાયો. સુતાર કે દરજી ડાબા કે જમણા કાને પેન્સિલ કે ફૂટપટી ભરાવે.જરૂર પડયે તેનો ઉપયોગ કરે. રાજુએ ડાબા કાને ભરાવેલ બીડી કાઢી. બીડીનો દોરો જે ભાગે હોય તે ભાગ એટલે બીડીના પૃષ્ઠ ભાગને ફૂંક મારી. બે આંગળી વચ્ચે બીડી આમતેમ ફેરવી. પછી બીડી મોઢામાં મુકી. લાઈટરથી બીડી સળગાવી. એક સટ માર્યો. રાજુનો મૂડ ઓફ થઇ ગયો. બીડીનો છૂટો ઘા કર્યો.

'રાજુ શું થયું?' મેં રાજુ રદીને પૂછયું.

'આ તો હદ થઇ ગઇ.' રાજુ રદી ગુસ્સે થઇ ગયો. રાજુ ક્યારે રડે અને ક્યારે ગુસ્સે થાય તે ગ્રહની માફક નક્કી હોતું નથી. રાજુ કમાતો ધમાતો હોવા છતાં કોઇ ડાળીએ વળગી શકતે નથી . એ બાબતે રાજુ આળો રહે છે.રાજુએ શર્ટની વાળેલી બાંયમાંથી બીડી કાઢી.બીડીનો આગળનો ભાગ ટેબલ પર હળવેથી પછાડ્યો. બીડીનો દોરો કડક કર્યો.બીડી સળગાવી. એક સટ લીધો. વિચિત્ર બેસ્વાદ લાગ્યો.રાજુએ બેવડા ઝનૂનથી બીડીનો ભાલાની જેમ ઘા કર્યો.

'રાજુ, શેની હદ થઇ ગઈ? ટેલિપ્રોમ્પટર હોય તો બગડે. ટેલિપ્રોમ્પટર પર ગુસ્સે થોડું થવાનું હોય? આપણે ભાષણની ટાઈપ કોપી સાથે રાખવાની હોય. ટેલિપ્રોમ્પટર બગડે તે ભાષણની કોપી કડકડાટ વાંચી જવાની હોય. બાધાની જેમ બેહૂદું થોડું વર્તવાનું હોય?' મેં તાજેતરની ઘટના પર ટીકાટિપ્પણ કર્યું.

'ગિરધરલાલ, હું તેની વાત કયાં કરૂં છું ? તમે પણ ઝૂડઝૂડ કરો છો?' રાજુએ મને તતડાવ્યો.રાજુએ ફરી બીડી સળગાવી. કોણ જાણે બીડીની જાત બદલાઈ ગઈ કે બીડી બટાઈ ગઈ હોય તેમ બેસ્વાદ લાગી. પાછી બીડી મિસાઈલની જેમ ફેંકી.

'રાજુ શું વાત છે?' અમે શરણાગતિ સ્વીકારી. 'ગિરધરલાલ, આ દેશ રસાતાળ થવા તરફ જઈ રહ્યો છે. પણ દૈંશ આટલી હદે નીચે જશે તેની મેં કલ્પના કરી નથી. ડિસ્ગસ્ટિંગ.' રાજુએ બબડાટ કર્યો. 'રાજુ, આજે કેમ બહુ અસ્વસ્થ લાગતો હતો. ?'રાજુ તલબ બુઝાવવા વારંવાર બીડી સળગાવતો હતો અને ગુસ્સે થઈને બીડી ફેંકતા હતો.

'ગિરધરલાલ, આ દેશમાં કેન્સરની જેમ નકલીપણું વ્યાપી રહ્યું છે.અસલી ઘીના નામે ડાલ્ડા ઘી, નાગરવેલનો રસ અને ઘીનું એસેન્સ હોંશે હોંશે ઉંચા ભાવ આપી ખાઈ રહ્યા છીએ.વરિયાળીને રંગીને જીરૂ બનાવીએ છીએ. સફેદ તલને હેરડાઈ કરાવી કાળા તલની સાની કે કચ્ચરિયું બનાવી ભાવથી આરોગીએ છીએ.દરેક વસ્તુમાં નકલ છે. અસલી નકલીનો ભેદ પારખી ન શકાય તેવી સ્ફોટક પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે. હવે તો હિન્દુસ્તાનનું નામ નકલીસ્તાન કરવું પડશે તેમ લાગે છે.' રાજુએ વ્યથિત થયો.

'રાજુ, ખેડૂતો યૂરિયા ને બદલે નકલી ખાતર વાપરે તો પાકની ફળદ્રુપતા ક્યાંથી વધે ? નકલી બિયારણ, નકલી જંતુનાશકનો વપરાશ વધતો જાય છે.' મે રાજુના સૂરમાં સૂર પુરાવ્યો.

'ગિરધરલાલ, સિમેન્ટની જાણીતી કંપનીની બેગમાંથી સિમેન્ટ કાઢી લઈ ઓછી જાણીતી કંપનીની સિમેન્ટ ઉમેરી દે છે.મરચાંમાં લાકડાનો વેર, ધાણાજીરામાં ઘોડાની લાદ, હળદરમાં લોટ,બેસનમાં ઘઉંનો લોટ, નકલી પનીર, નકલી ચીઝ, ટોમેટો સોસમાં કોળું. જગત ભેળસેળમય છે. અસલી લાલ કિલ્લા પરથી ૧૫ મી ઓગષ્ભાટે ષણ કરવા મળે તે માટે સાહેબે લાલન કોલેજ ભુજમાં નકલી લાલ કિલ્લો બનાવી ભાષણ કરેલ. લાગણીઓમાં પણ નકલીપણું જોવા મળે છે. ' રાજુએ નકલીના અત્ર, તત્ર અને સર્વત્ર જોવા મળે છે તેમ દલીલ સહ પ્રતિપાદિત કર્યું.

'રાજુ, નકલની મોહમાયાથી સોના-ચાંદી જેવી ધાતુ પણ બાકાત નથી. સો ટચનું સોનું માત્ર કલ્પના જગતમાં છે. બાકી, બગસરાના ગોલ્ડની બોલબોલા છે. ભૂતિયા રેશનકાર્ડ, ભૂતિયા કંપની, ભૂતિયા વિધ્યાર્થી, નકલી મતદારો. કરોળિયો જાળ બનાવે તેમ નકલીનું નેટવર્ક અસલીને ઓહિયા કરી જાય છે.' મેં રાજુને નકલી જ અસલી હોવાનો અહેસાસ કરાવ્યો.

'ગિરધરલાલ, છેલ્લા દસકામાં નકલી આઈપીએસ, નકલી આઈએએસ, પીએમઓના નકલી અધિકારી, સીએમઓના અધિકારી, નકલી કચેરીઓ , નકલી સીબીઆઈ અધિકારીઓ બનીને મિસ્ટર નટવરલાલ કે બંટીબબલી લૂંટ કરે છે.કોલ સેન્ટર મારફતે અમેરિકનનોને નોન મેટ્રિક થયેલો છોકરડો હાઈફાઈ અમેરિકનોને છેતરે છે.' રાજુએ નકલી પારાયણ આગળ વધાર્યું.

રાજુ, નકલમય સબ જગ જાની કરહૂં પ્રણામ કર જોરી.' મેં તુલસીદાસની ચોપાટને ટવિસ્ટ કરી.

'ગિરધરલાલ, નકલનો નાગ મારા વ્યસનને પણ ભરખી ગયો છે.' રાજુએ ફરિયાદ કરી.

'શું વાત છે? રાજુ એ કેવી રીતે?'મેં રાજુને સવાલ કર્યો . 'ગિરધરલાલ, તમને ખબર છે કે ચેઈન સ્મોકર છું.(વૈધાનિક ચેતવણી :-સ્મોકિંગ ઈઝ ઈન્જરસ ટુ હેલ્થ) હું એક જ બ્રાંડની બીડી પીવું છું. સિગારેટ કરતાં બીડી ઓછી નુકસાનકારક છે તેવું મનાય છે. હું એક જ દુકાનમાંથી બીડીની ગડીઓ લાવું છું. છેલ્લે જે બીડી ખરીદીને લાવેલ તે બીડી બેસ્વાદ લાગતી હતી. તેનો ધુમાડો પણ નકલી ધુમાડો લાગતો હતો. હું બીડીની સો ગડી લાવેલ. બધા ફેંકી દેવી પડે તેમ હતું.' રાજુએ ફરિયાદ વિગતે વાત કરી.

'એટલે રાજુ, તને બીડીમાં ગરબડ લાગી?' મેં પૂછયું .

'ગિરધરલાલ, નકલીનો કોબ્રા મારી બીડીને ડંખી ગયો.હમણા એક શહેરના રહેણાક મકાનમાં દરોડો પાડીને નકલી બીડી બનાવવાનું કારખાનું પકડ્યું છે.જેમાં લોકલ બીડીને જાણીતી બીડીના અલગ અલગ રંગના બંડલ, બોકસ મળ્યા. હું ત્યાંથી સસ્તા ભાવે ખરીદ કરીને લાવેલ. હું બીડી સળગાવું કે સૂકી ખાંસી આવે છે. મોંનો સ્વાદ બેસ્વાદ આવે છે. મોં સૂકાઈ જાય છે.' રાજુએ નકલી બીડીની ફેકટરી પકડાયાની વાત કરી.
'રાજુ, હજુ તો નકલી હવા, સૂર્યપ્રકાશ, નકલી પવન અને નકલી દાતણનો નકલયુગ આવશે. કદાચ તું લગ્ન કરીશ તો તારે ત્યાં નકલી પુત્ર-પુત્રી આવશે.' મેં ભવિષ્યવાણી ભાંખી.

રાજુ નકલી બીડીના નકલી ધૂમાડાની જેમ અસલી રીતે અદ્રશ્ય થયો!
ભરત વૈષ્ણવ

# ભક્તિની સુગંધ ફેલાવતા ૫૮ માં નિરંકારી સંત સમાગમ નું સફળતાપૂર્વક સમાપન




ગાંધીનગર ઝોનમાંથી ભક્તોની ઉપસ્થિતિ. " જીવનનો ઉદ્દેશ્ય કેવળ ભૌતિક ઉપલબ્ધિઓ માં જ નહીં પરંતુ આત્મિક આનંદમાં છે." આ ઉદગાર નિરંકારી સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજે મહારાષ્ટ્રના ૫૮ માં વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં લાખોની મેદની ને સંબોધતા કહ્યા.

મહારાષ્ટ્રના પિપરી પુણે મા આયોજિત આ નિરંકારી સંત સમાગમમાં ગાંધીનગર ઝોનમાંથી પણ ઘણા ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસના સમાગમમાં પ્રથમ દિવસે સતગુરુ માતાજીએ વિશ્વને માનવતા માટે સંદેશ આપતા કહ્યું કે, "માણસના રૂપમાં જન્મ લીધા પછી માનવીય ગુણો થી યુક્ત થવા પછી જ ખરેખર માણસની ઓળખ થાય છે." બીજા દિવસે સેવાદળ રેલીનું આયોજન થયું. જેમાં હજારો સેવા દળના ભાઈ બહેનોએ સતગુરુ ની વંદના કરતી ઝાંખીઓ પ્રસ્તુત કરી. નિરંકારી રાજપિતા રમિતજીએ પોતાના વિચારોમાં કહ્યું કે ભક્તિ નો ઉદ્દેશ્ય પરમાત્મા સાથે પ્રેમ પૂર્ણ સંબંધ જોડવાનો છે. સમાગમના ત્રીજા દિવસે બહુભાષી કવિ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું." વિસ્તાર અસીમ તરફ "વિષય ઉપર ૨૧ કવિઓએ મિશનનો દિવ્ય સંદેશ પ્રસારિત કર્યો. ચોથા દિવસે સમૂહ લગ્ન ઉત્સવ માં ૯૩ યુગલો જોડાયા. નવવિવાહિત વર-વધુઓ ને સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજે એકબીજાના આદર્શ સત્કાર સાથે કર્તવ્યનું પાલન કરતાં જીવન જીવવાના આશીર્વાદ આપ્યા. અંતે ગુરુ વંદના દ્વારા સતગુરુ ની વંદના કરી લાખો ભક્તોએ આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી પોતાના ઘર તરફ રવાના થયા હતા તેમ ગાંધીનગર ઝોનના પ્રેસ મીડિયા સલાહકાર શ્રી કનૈયાલાલ દેવાણી ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

# બારખાધ્યા ગામની આગણવાડી જર્જરિત બનતાં બાળકો અન્ય લોકોના ઘરનાં ઓટલા બેસવા મજબુર

આહવા

ડાંગ જિલ્લા પચાયત નાં મહિલા અને બાળ વિભાગ દ્વારા સંચાલિત બારખાધ્યા ગામનું આગણવાડી નાં મકાન ને વીસ વર્ષથી વધુ સમય થયો છે જે મકાન ખુબ જર્જરિત બની ગયું છે જેથી અવાર-નવાર છત અને દિવાલ નાં પોપડા તુટી પડતાં આગણવાડી માં અભ્યાસ કરતાં બાળકોને ખાનગી મકાન નાં ઓટલા પર બેસાડવામાં આવે છે જેનાં કારણે બાળકોનાં શિક્ષણ માઠી અસર પડી રહી છે જિલ્લા વિકાસ અધિકારી જરૂરી તપાસ કરી બાળકોનાં હિતમાં જરૂરી કાર્યવાહી કરે તેવી ગામલોકોની માંગ છે.



વર્લ્ડમિત્ર (વિશ્વબંધુ) દ્વારા આયોજિત સરદાર પટેલ એકતા યાત્રા ૨૦૨૫ની શરૂઆત ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભારતના ૭૫મા ગણતંત્ર દિવસે ઉત્સાહપૂર્વક થઈ છે. આ ઐતિહાસિક યાત્રા ગુજરાતના વિવિધ ભાગોમાંથી ૧૨૦૦થી વધુ લોકોની ઉત્સાહભરી હાજરી સાથે શરૂ થઈ હતી, જેમાં ખાસ કરીને સરદાર પટેલના વતન કરમસદ ગામના રહેવાસીઓએ ઉત્સાહભરી ભાગીદારી કરી હતી.આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ૧૫૦મા જન્મજયંતિની ઉજવણી કરવો છે. આ યાત્રા દેશવ્યાપી સ્તરે તેમજ વૈશ્વિક સ્તરે વિસ્તરશે, જેનાથી સરદાર પટેલના વિચારો અને એકતા માટેના પ્રયત્નોનું પ્રસાર થશે.

# આહવા તાલુકામાં પાણીની મોટર ખરીદીમાં થયેલ ગેરરીતી



ડાંગ જિલ્લા વિકાસ અધિકારી મનીષભાઈ કરમશીભાઈ મારકણા એ લેખિત ફરિયાદ આપી જણાવ્યું છે કે આહવા તાલુકા પંચાયત દ્વારા ૧૫માં નાણાંપંચ અંતર્ગત ૨૦૨૦-૨૦૨૧ ગ્રામ પંચાયત વાઈઝ આયોજન (ખરીદીના કામોમાં) અમુક આહવા તાલુકાની અમુક ગ્રામ પંચાયતમાં પાણીની મોટર ખરીદીની ર્ઈસ પ્રોટોલ પર ટેન્ડર બહાર પડેલ હતું જેમાં ૧૩ પાણીની મોટર ખરીદીનું કામ થયું છે જેમાં અમો એ ઈ દ્વારા માહિતી માંગેલ હતી જેમાં સ્પેશિફિકેશન મુજબ એક (૧) મોટરની (ફાલકન) કંપનીની ખરીદી ૯૫૫૦૦ (પંચાણું હજાર પાંચશો ) રૂપિયા છે અને અમોએ ઘણી દુકાનમાં આ સ્પેશિફિકેશન મુજબ (ફાલકન) કંપનીની પાણીની મોટર બાબતે તપાસ કરેલ તો આ પાણીની મોટરની કિંમત ૧૪૦૦૦ થી ૨૨૦૦૦ હજાર સુધીમાં સારામાં સારી આવે તો પછી તાલુકા પંચાયત દ્વારા આ પાણીની મોટરની ખરીદીમાં ગેરરીતિ કરી મોટું ભ્રસ્ટાચાર કરવામાં આવેલ છે. અને આહવા તાલુકા વિકાસ અધિકારી બીલો અને વગેરેના કાગળિયા જોયા વગર બિલ પણ પાસ કરી દેવામાં આવ્યુ. અને આવો ભ્રસ્ટાચાર એક પાણીની મોટર ખરીદીમાં કરેલ હોઈ તો આહવા તાલુકા પંચાયતમાં જો નિક્સપક્ષ તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે.

જો એક (૧)મોટર ખરીદી ભાવ બઝારમાં ૧૮૦૦૦ હોઈ તો ૧૮૦૦૦૧૩મોટરના=૨૩૪૦૦૦ હિસાબે બે લાખ ચૌતરીશ હજાર થાય તો આહવા તાલુકાના પંચાયતના ટેન્ડર પ્રમાણે ૯૫૫૦૦ ૧૩મોટરના=૧૨૪૧૫૦૦ બાર લાખ એક્તાલીસ હજાર પાંચશો થાય છે જેથી ૧૦૦૭૫૦૦ દસ લાખ સાત હજાર પાંચશો નો ભ્રસ્ટાચાર ખુલો પડે છે જેથી ઉપરોક્ત બાબતે આ ટેન્ડરની કામગીરીની નિક્સપક્ષ તપાસ કરવામાં આવે અને ગેરરીતિ કરેલ આધિકારીઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ અને આ રૂપિયાની રિકવરી કરવામાં માંગ કરી છે.

# યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય (ભારત સરકાર) નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રોડ સેફટી કાર્યક્રમ યોજાઓ




ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રોડ સેફટી સપ્તાહ અંતર્ગત જાગરૂકતા કાર્યક્રમ , રોડ સેફટી રૈલીના માધ્યમથી લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દરમિયાન ૨૫ થી વધુ યુવાનોને સડક સલામતીની શપથ પણ લેવડાવવામાં આવ્યી. આ સમગ્ર કાર્યક્રમના દરમિયાન નેહરુ યુવા કેન્દ્રના યુવા સ્વયંસેવક અને યુવા મંડળોના સભ્ય હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં પરિવહન વિભાગના ઈન્સ્પેકટરશ્રી ડી બી પટેલ અને જીલ્લા યુવા અધિકારીશ્રી ગાંધીનગરની ખાસ ઉપસ્તીથી રહ્યી હતી.

# પાલનપુરના મહંત પ. પૂ. સ્વામીશ્રી રાજેન્દ્રા નંદગિરીજી મહારાજને મહામંડલેશ્વર ની પદવી એનાયત કરાઈ

પાલનપુરની તપોભૂમિ આનંદધામ ના સ્થાપક અને પાટણ સ્થિત વિજય હનુમાન સન્યાસ આશ્રમ ના મહંત પ. પૂ. શ્રી સ્વામી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ ગુરુશ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. શ્રી કલ્યાણાનંદગીરીજીને પ્રયાગ રાજ ખાતે મહામંડલેશ્વર ની પદવી એનાયત કરવામાં આવી હતી.

અખિલ ભારતીય સંત સમિતી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ તરીકે કાર્યરત પાલનપુર આનંદધામ નાં પ. પૂ શ્રી સ્વામી રાજેન્દ્રાનંદ ગીરીજી ને તા.૨૭ જાન્યુઆરી ના રોજ શ્રી શંભૂ પંચદશનામ આહવાન અખાડા દ્વારા પ્રયાગરાજ કુંભમેળા માં પીઢાધિશ્વર શ્રી શ્રી ૧૦૦૮ અરૂણ અવધૂત ગીરિજી મહારાજની અધ્યક્ષતામાં ધાર્મિક વિધિ વિધાન અને શાસ્ત્રોક્ત મંત્રોચાર સાથે મહામંડળેશ્વર ની પદવી એનાયત કરવામાં આવેલ.



મહામંડલેશ્વર ની પદવી ગ્રહણ કર્યા બાદ પૂ. સ્વામીજી એ ઉપસ્થિત ધર્મપ્રેમીઓને આશીર્વચન પાઠવતા જણાવેલ કે, સનાતન ધર્મ અને સંસ્કૃતિ ના રક્ષણ સાથે આપણે પરિવાર પ્રથાને મજબૂત કરવી પડશે. આ માટે આવનાર સમયમાં વિવિધ સ્થળો એ બાળ સંસ્કાર,યુવા સંસ્કાર, મહિલા સંસ્કાર માટે વિવિધ શિબિરો નું આયોજન કરવામાં આવશે. પૂ સ્વામીજી એ વધુમાં જણાવ્યું હતુ કે, સનાતન વૈદિક ધર્મના રક્ષણ, જતન અને પ્રચાર- પ્રસાર માટે તથા ભારત માતાને પરમ વૈભવ ના શિખરે બિરાજમાન કરવાના વિવિધ કાર્યો કરવા માં આવશે.

પ. પૂ.મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી રાજેન્દ્રાનંદ ગિરિજી મહારાજે જણાવેલ કે,હું સાધુ કે સંત ન હતો ત્યારે પણ સનાતન ધર્મની રક્ષા માટે તેના જતન માટે કાર્ય કરતો હતો. અલોકિક શક્તિઓ ના સંયોગ થી મને હવે જયારે મહામંડલેશ્વર ની જવાબદારી અપાઈ છે ત્યારે ધર્મ રક્ષાના મારા સંકલ્પ માં હું આગળ વધીશ અને હિન્દુત્વની ભાવના દઢ બને, હિન્દુ ધર્મ,સમાજના ઉત્થાન અને સનાતનની સેવા માટે વધુ પુરુષાર્થ કરીશ.

બી. એ. એલ.એલ.બી.નો ઉચ્ચ અભ્યાસ ધરાવતા મહામંડલેશ્વર પ. પૂ. મહંત શ્રી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ માને છે કે, કાયદા કાનૂનનાં નિયમોથી વધુ ધર્મના નિયમો જીવનમાં ઉપયોગી છે તેનાથી માનવીય અને સામાજિક મૂલ્યોનું ઘડતર થાય છે. સરળ અને સોમ્ય સ્વભાવની સાથે સત્ય અને સ્પસ્ટ વક્તા તરીકે પ.પૂ.શ્રી રાજેન્દ્રાનંદગિરી મહારાજ જાણીતા છે. તેમના સાનિધ્ય માં પાટણ અને પાલનપુર ખાતે ચાલતા આશ્રમોમાં અનેક ધાર્મિક કાર્યો,સામાજિક, સેવાકીય શિબિરો, ભૂખ્યાને ભોજન સાથે સેવા ના કાર્યો થાય છે. મહામંડલેશ્વર પ.પૂ.શ્રી રાજેન્દ્રાનંદ ગિરીજી મહારાજ પત્રકારત્વ અને રાજકારણ માં વિશેષ રૂચિ ધરાવવા સાથે રાષ્ટ્ર,ધર્મ અને પર્યાવરણ ની રક્ષા તેમજ માનવીય મૂલ્યો નાં જતન માટે માર્ગદર્શન આપતા હોય છે.

# નવી દિલ્હી ખાતે પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં વિજેતાગુજરાતના ‘ટેબ્લો’ માટે રાજ્ય સરકાર વતી ટ્રોફી-પ્રશસ્તિ પત્ર સ્વીકારતા માહિતી સચિવ શ્રી અવંતિકા સિંઘ

૨૬મી જાન્યુઆરી-૨૦૨૫ એટલે કે ૭૬માં ગણતંત્ર દિવસના ઉપલક્ષમાં નવી દિલ્હીના કર્તવ્ય પથ ઉપર યોજાયેલી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો ×આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ×ને ‘પોપ્યુલર ચોઈસ એવોર્ડ’ કેટેગરીમાં સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે.

આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતેના ઝંકાર હોલમાં ટેબ્લો અંગે એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય રક્ષા રાજ્ય મંત્રી શ્રી સંજય શેઠના હસ્તે ગુજરાત સરકાર વતી વિજેતા ટ્રોફી તથા પ્રશસ્તિપત્ર મુખ્યમંત્રીશ્રીના સચિવ તેમજ માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી અવંતિકા સિંધ ઔલખે સ્વીકાર્યું હતું. આ પ્રસંગે માહિતી નિયામક શ્રી કે.એલ.બચાણી તથા સંયુક્ત નિયામક ડો. સંજય ક્થોટ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સંરક્ષણ મંત્રાલયના સંયુક્ત સચિવ શ્રી અમિતાભ પાઠક, ડાયરેક્ટર-સેરીમોનીયલ, શ્રી વિકાસ કુમાર તથા સંરક્ષણ મંત્રાલયના ખાસ ફરજ પરના અધિકારી શ્રી શિવકુમાર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતનો ટેબ્લો પોપ્યુલર ચોઈસ કેટેગરીમાં પ્રથમ સ્થાને આવી રહ્યો છે તેની ગૌરવપૂર્ણ સિદ્ધિ અંગે ગુજરાતના સૌ નાગરીકોને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ “વિરાસત ભી, વિકાસ ભી”નો જે મંત્ર આપ્યો છે તેને ગુજરાત જનભાગીદારી થી સાકાર કરી રહ્યું છે અને ભવિષ્યમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં નવી દિલ્હી ખાતે કર્તવ્ય પથ પર વિવિધ રાજ્યો અને સરકારના વિભાગોના ૩૧ ટેબ્લોઝ રજૂ કરવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્યના માહિતી વિભાગે પ્રસ્તુત કરેલા ટેબ્લોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તે વિકાસ ગાથા પ્રાચીન વિરાસતની ઝાંખી સાથે પ્રસ્તુત થઈ હતી.

આ પરેડમાં રજૂ થતા વિવિધ ટેબ્લૉઝ માટે નાગરિકો પોતાના વોટ ઓનલાઇન આપીને ×પોપ્યુલર ચોઈસ×ના શ્રેષ્ઠ ટેબ્લોને પસંદ કરી શકે તેવો નવતર અને પારદર્શી અભિગમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી અપનાવવામાં આવ્યો છે જેમાં ગુજરાત સતત ત્રીજા વર્ષે પ્રથમ ક્રમે વિજેતા બન્યું છે.

ગુજરાતના ટેબ્લોએ પોપ્યુલર ચોઈસ કેટેગરી એવોર્ડમાં અગ્રેસર રહેવાની પરંપરા ૨૦૨૩ના ૭૪માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડથી શરૂ કરી છે.

આ પરેડમાં રાજ્ય સરકારે “ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત”ના ટેબ્લોમાં વડાપ્રધાનશ્રીએ પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલની ઝાંખી પ્રસ્તુત કરી હતી.

ગત વર્ષ-૨૦૨૪ના ૭૫માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતે રજુ કરેલા ટેબ્લો “ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ”ની પ્રસ્તુતિને પણ ‘પોપ્યુલર ચોઈસ’ કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો હતો.

એટલું જ નહીં, ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની- જ્યુરીની ચોઈસમાં પણ ગુજરાતના આ ટેબ્લોએ ૨૦૨૪માં બીજો ક્રમ મેળવ્યો હતો.

આ જ પરંપરામાં વધુ એક સિધ્ધિ મેળવીને ૭૬માં પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લોએ સતત ત્રીજી વાર પ્રથમ





ક્રમ મેળવીને હેટ્રીક સર્જવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

૭૬માં પ્રજાસત્તાક પર્વે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર પ્રસ્તુત થયેલા આ ટેબ્લોમાં - સ્વર્ણિમ ભારત : વિરાસત અને વિકાસ” શીર્ષક અંતર્ગત જે ઝાંખીની રજૂઆત થઈ હતી તેણે ખરા અર્થમાં ન માત્ર રાજ્ય પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક ધરોહર અને વિકાસના અભૂતપૂર્વ સંમિશ્રણને અસરકારકતાથી સાકાર કર્યું હતું.

ગુજરાતની ઝાંખીના ૧૨મી સદીના વડનગર એટલે કે આનર્તપુરના સોલંકીકાળના ‘કીર્તિ તોરણ’થી લઈને ૨૧મી સદીની અજાયબી સ્વરૂપ ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ના સાંસ્કૃતિક વારસાની સાથે સંરક્ષણ-ટેકનોલોજી-ઓટોમોબાઇલ અને મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રે રાજ્યની ‘આત્મનિર્ભરતા’ના વિવિધ વિકાસના પ્રકલ્પો સી-૨૯૫ એરક્રાફ્ટ ઉત્પાદન યુનીટ, સેમી કન્ડક્ટર ચીપ અને તેના આનુષંગીક ઉપકરણો તથા અટલ બ્રિજ વગેરનું બખૂબી નિદર્શન કરવામાં આવ્યું હતું.

રાજ્યની ઝાંખીમાં પ્રારંભે સોલંકીકાળમાં વડનગર સ્થિત ૧૨મી સદીનું રાજ્યના સાંસ્કૃતિક પ્રવેશદ્વાર સમું ‘કિર્તી તોરણ’ તો છેડે ૨૧મી સદીની શાન સમી ૧૮૨ મીટરની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ને દર્શાવવામાં આવી હતી. ગુજરાતની આ ઝાંખીને વધુ રસપ્રદ બનાવવાના હેતુસર પારંપરિક કિન્તુ અર્વાચીન દુહાના તાલે રાજ્યનો જોમવંતો ‘મણિયારો’ રાસ જીવંત નૃત્ય સાથે દર્શાવવામાં આવ્યો હતો.

# પોલીસ કામગીરી કરે તો પણ દુઃખ અને ના કરે તો પણ દુઃખ.....

વડગામ તાલુકાના છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા બસુ ગામે થી બે ત્રણ દિવસ અગાઉ જ છાપી પોલીસ દ્વારા બસુથી સોજત રાજેસ્થાન ખાતે ગેરકાયદે કતલખાને લઈ જવાતા ૧૪ અબોલ પશુ સહિત આઈશર ગાડી અને એક ઈસમ ની અટકાયત કરી ૧૦.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી આ પશુઓને ડીસા પાંજરાપોળ ખાતે મુક્ત કરાયા હતા પરંતુ પોલીસ ની આ કામગીરી ને લઈ છાપી સહિત ના વિસ્તાર ના કેટલાક સામાજિક આગેવાનો ના પેટમાં તેલ વેડાયું હોય તેમ છાપી પી.આઈ સામે મોરચો માંડ્યો હોય તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે સાથે સાથે ચુંટણી સમયે કોગ્રેસ પાર્ટીના વિરોધ કરી સેક્યુલર પાર્ટીના નામે વોટ માંગતા કેટલાક ચોમાસા ના દેડકાં સમાન નેતાઓ દ્વારા કોગ્રેસ પાર્ટીના ઘુંટણીએ પડીને છાપી વિસ્તારમાં દારૂ ના વેચાણ બાબતે સોસીયલ મિડિયામાં પોસ્ટ મુકી પી.આઈ સામે કાર્યવાહી કરવાના મેસેજ સોસીયલ મિડિયામાં વાયરલ કરાયા હતા તો લોકોમાં એવી ચર્ચા છે કે આ સામાજિક આગેવાનો ને આટલા સમય કેમ આ



બદી વિશે વિરોધ ના કરાયો અને પોતાનો અહંમ ના સંતોષાતા પેટમાં તેલ વેડાયું હોય તે હવાતીયા મારવામાં આવી રહ્યા છે ત્યારે કોગ્રેસ પક્ષના નેતાઓ અને લોકોએ પણ આવા અહંમસંતોષી લોકોને ઓળખવાની જરૂર છે તેવી ચર્ચા છાપી વિસ્તારમાં ટોપ ઓફ ટાઉન બનવા પામી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.